# A.M.P. (Govt.) Law College

Phone: (0281) 2465523
Email: amplawcollege@gmail.com
Website: https://www.amplc.ac.in

Dr. Homi Dastur Road,
Opp. D. H. CollegCampus,
Near Dr.Yagnik Road,
Rajkot - 360 001

## એલએલ.બી. ડીગ્રી કોર્સના ઇન્ટર્નશીપ અંગેના નિયમો

**(૧) ઇન્ટર્નશીપ**

ઇન્ટર્નશીપ એટલે વિદ્યાર્થી અથવા તાલીમાર્થી કોઈપણ સંસ્થામાં વ્યાવસાયિક અનુભવ મેળવવા અથવા વ્યાવસાયિક લાયકાત પ્રાપ્ત કરવા માટે અમુક સમય માટે સંબંધીત કામગીરી કરવી. ઇન્ટર્નશીપ વિદ્યાર્થીઓને વિષય સંબંધિત વ્યાવહારિક કુશળતા મેળવવાની તક આપે છે.

**(૨) ઇન્ટર્નશીપના ઉદ્દેશો**

(૧) વિદ્યાર્થીઓના વ્યાવસાયિક જ્ઞાનમાં વધારો કરવો.
(૨) વિદ્યાર્થીઓને ચોક્કસ સ્થળના કામનો પ્રથમ અનુભવ પ્રાપ્ત કરાવવો.
(૩) વિદ્યાર્થી કાયદા ક્ષેત્રમાં વધુ અસરકારક રીતે પ્રવૃતિ કરી શકે તે માટે સક્ષમ બનાવો.
(૪) વિદ્યાર્થીઓને કાનુની વ્યવસાય અને કાનુની પ્રક્રિયાઓની ઉંડી સમજ પુરી પાડવી.

### એ.એમ.પી. સરકારી લૉ કોલેજ ઇન્ટર્નશીપ પ્રોગ્રામ

એ.એમ.પી. લૉકોલેજના વિદ્યાર્થીઓ ઇન્ટર્નશીપ કરવા નીચેના કોઈપણ સ્થળોએ જઈ શકશે:-

- એન.જી.ઓ.
- લોવર કોર્ટ (નિચલી કોર્ટ)
- ડીસ્ટ્રીકટ અને સેસન્સ કોર્ટ (જિલ્લા સેસન્સ અદાલત)
- ફાસ્ટ ટ્રેક કોર્ટ
- ફેમેલી કોર્ટ
- કોઈ પણ ટ્રીબ્યુનલ
- વડી અદાલત
- સર્વોચ્ચ અદાલત
- વકીલશ્રીની ઓફીસ (૧૦ વર્ષ કે વધુ અનુભવ ધરાવતા)

**(3) ઇન્ટર્નશીપ માટે સમયગાળો:**

**F.Y.LL.B. -** ૨ અઠવાડીયું દિવાળી વેકેશન
૩ અઠવાડીયું ઉનાળું વેકેશન

**S.Y. LL.B. -** ૨ અઠવાડીયું દિવાળી વેકેશન
૩ અઠવાડીયું ઉનાળું વેકેશન

**T.Y. LL.B. -** ૨ અઠવાડીયું દિવાળી વેકેશન

**(૪) ઇન્ટર્નશીપ પ્રક્રિયા**

**૧. ઇન્ટર્નશીપ માટે સ્વતંત્ર રીતે વ્યવસ્થા કરતા વિદ્યાર્થીઓ માટે ઇન્ટર્નશીપ પ્રક્રિયા.**

(એ) વિદ્યાર્થીઓએ જાતે ઇન્ટર્નશીપ પસંદ કરવી પડશે અથવા ઇન્ટર્નશીપની વ્યવસ્થા કરવા માટે એ.એમ.પી. લો કોલેજને લેખિતમાં વિનંતી કરવી પડશે.

(બી) જો વિદ્યાર્થીઓ જાતે ઇન્ટર્નશીપની વ્યવસ્થા કરે તો કોલેજ દ્વારા નક્કી કરેલ માપદંડ પરીપૂર્ણ કરવાના રહેશે અને કોલેજને જાણ કરવાની રહેશે.

**૨. જો ઇન્ટર્નશીપની વ્યવસ્થા એ.એમ.પી. સરકારી લૉ કોલેજ દ્વારા કરવામાં આવે ત્યારે અનુસરવાની પ્રક્રિયા.**

(એ) વિદ્યાર્થીઓએ એ.એમ.પી. સરકારી લૉ કોલેજ ને ઇન્ટર્નશીપની ગોઠવણી કરવા માટે લેખિતમાં વિનંતી કરવાની રહેશે.

(બી) વિદ્યાર્થીઓએ એ.એમ.પી.(સરકારી) લૉ કોલેજ દ્વારા નક્કી કરવામાં આવેલ સંસ્થા,વકીલ,કંપની ખાતે ઇન્ટર્નશીપ કરવાની રહેશે.તેઓને સંસ્થા વકીલ,કંપની અથવા ઇન્ટર્નશીપના સ્થાનને અનુલક્ષીને પસંદગીનો અવકાશ રહેશે પરંતુ આખરી નિર્ણય કોલેજનો માન્ય રહેશે.

(સી) એકવાર એ.એમ.પી. સરકારી લૉ કોલેજ દ્વારા ઇન્ટર્નશીપ નક્કી કરવામાં આવે ત્યારબાદ કોઈપણ સંજોગોમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહી, અને વિદ્યાર્થીએ તેને સ્વીકારવી પડશે.

(ડી) એ.એમ.પી. સરકારી લૉ કોલેજ દ્વારા કોઈ ખર્ચ આપવામાં આવશે નહિ.

**(૫) ઇન્ટર્નશીપ અહેવાલ**

વિદ્યાર્થીઓ દ્વારા જે કામ કરવામાં આવ્યું હોય તેનો દૈનિક રેકોર્ડ જાળવવાનો રહેશે અને એ મુજબ ઇન્ટર્નશીપ એહવાલ એ. એમ. પી. સરકારી લૉ કોલેજ ખાતે જમા કરવાનો રહેશે. અહેવાલ સ્વહસ્તાક્ષરમાં ગ્રીન લિગલ પેપર પેજની એક બાજુ લખવાનો રહેશે. ઇન્ટર્નશીપ એહવાલ સાથે પ્રમાણપત્ર રજુ કરવું ફરજિયાત છે.

(૬) ઇન્ટર્નશીપ અહેવાલનું સ્વરૂપ

**(પ્રથમ પેજ ફોર્મેટ)**

**એ.એમ.પી.સરકારી લૉ કોલેજ,રાજકોટ**

**ઇન્ટર્નશીપ અહેવાલ**

શૈક્ષણિક વર્ષ - ______________________________

મહિનો અને વર્ષ - ______________________________

વિદ્યાર્થીનું નામ - ______________________________

સેમ.- ______________________________

રોલ નંબર - ______________________________

તાલીમ સંસ્થાનું નામ

અને સ્થળ - ______________________________

તાલીમ માર્ગદર્શકનું નામ - ______________________________

પ્રાધ્યાપકનું નામ - ______________________________

(અહેવાલમાં લખવાની થતી જરૂરી વિગત)

| ક્રમ | વિગત |
|---|---|
| ૧ | પ્રમાણપત્ર |
| ૨ | ઋણ સ્વીકાર |
| ૩ | અનુક્રમણિકા |
| ૪ | પ્રસ્તાવના |
| ૫ | ઇન્ટર્નશીપ દરમ્યાન કરેલ કામગીરી |
| ૬ | નિષ્કર્ષ |

**(૭) પ્રમાણપત્રનું ફોર્મેટ**

**<u>Certificate</u>**

It is certified that Mr./Mrs ____________________ Roll no. _________ Sem. _______of A.M.P. Govt. Law College, Rajkot visited my office for the purpose of internship from ______________ to _______________________. He successfully observed, recorded and completed work satisfying the internship requirements in accordance with the rules and regulations of Compulsory Clinical Course / Practical Paper of Saurashtra University and Bar Council of India.

Date: Seal & Signature of the Internship Guide

(૮) **ઇન્ટર્નશીપ માટેની સામાન્ય માર્ગદર્શિકા**

- વિદ્યાર્થીઓએ ખુબ જ કાળજી સાથે ગંભીરતાપૂર્વક ઇન્ટર્નશીપ કાર્ય કરવાનું રહેશે.
- ઇન્ટર્નશીપની શરૂઆતથી અંત સુધી વિદ્યાર્થીઓએ તેમની સંબંધીત સંસ્થામાં કે જ્યાં તેઓએ કામગીરી કરવાની હોય ત્યાં કોઈપણ સ્ટાફને પરેશાની પહોચાડયા વિના તેમજ કામમાં ખલેલ ન પહોંચે એ રીતે વર્તન કરવાનું રહેશે. તેઓએ સંસ્થાના નિયમોનું પાલન કરવાનું રહેશે.
- જે વિદ્યાર્થીઓ સબંધિત સેમેસ્ટરમાં તેમની ઇન્ટર્નશીપ સફળતાપૂર્વક પૂર્ણ ન કરી શકે તો ત્યારબાદ તેમને કોલેજ દ્વારા અન્ય કોઈ સંસ્થામાં મોકલવામાં આવશે નહી.
- વિદ્યાર્થીઓ તરફથી કોઈપણ પ્રકારની ગેરશિસ્ત પ્રવૃતીઓને ખુબજ ગંભીર માનવામાં આવશે અને એ.એમ.પી. સરકારી લૉ કોલેજ દ્વારા તેમની સામે તાત્કાલિક શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે.
- વિદ્યાર્થીઓ ઇન્ટર્નશીપ કાર્યમાં નિયમિત હાજર રહેશે.
- વિદ્યાર્થીઓએ યોગ્ય અને વ્યાવસાયિક ડ્રેસ કોડ સાથે કામગીરી કરવાની રહેશે.

*****************************************************************